કોટ, પાટલુન, નેકટાઇ, શુઝ અને એવા અનેક બીનજરૂરી ફેશનના ખર્ચમાં જ આવક પૂરી થાય છે. નિર્વાહ માટે દેવું કરે છે અને પછી એકેએક અપ્રમાણિકતા સેવે છે. આદર્શહીન વિદ્યાર્થીની ભાવી દશાનું આ આછું ચિત્રમાત્ર છે. એની કહાણીઓ ડગલે ને પગલે મળી રહે તેમ છે. વિદ્વાન ન્યાયાધીશો ન્યાયને બઝારૂ ચીજની માફક વેચે છે. સંસ્કારી ગણાતા વકીલો અને બેરીસ્ટરો અસીલોને નીચોવવા કજીયાઓ લંબાય તેવી અવળી સલાહ આપે છે અને સેવાના પ્રીરસ્તાનો દાવો કરતા ડાકતરો લક્ષ્મી લુંટવા માટે દયાપાત્ર દરદીઓ સમક્ષ યમનું આચરણ કરે છે. આજની કેળવણીની પરાકાષ્ટાએ પહોંચેલા આ લોકોનું આ આચરણ જોયા પછી **લક્ષ્યહીન આજીવિકા માટેજ લેવાતી વિદ્યાના કેવા ઝેરી ફળો પાકે છે** તે કહેવા માટે શબ્દો પૂરતા નથી અને તેથીજ આજે મારે આ સંદેશ સૂણાવવાની જરૂર છે કે—' વિદ્યાર્થી પોતાના જીવનની શરૂઆતજ સેવાના સ્વાતંત્ર્યથી કરે, આઝાદી માટે મરી ફીટવાનીયે તાલીમ કેળવે, અને પછી આવા લક્ષ્યવાળી વિદ્યા જીવનના એકેએક વિકાસ માર્ગ ખુલ્લા કરી, મુકિત તરફ લઇ જાય એમાં શક નથી.

ઋષિ મુનિઓનો એ સિદ્ધાંત–નિર્ણય છે કે—

" **विद्या ददाति विनयं विनया द्याति पात्रताम्;**
**पात्रत्वाद् धन माप्नोति धनाद्धर्मं स्ततः सुखम् ॥ १ ॥**

આ નાનકડો પણ ભારે ઉપયોગી શ્લોકનો ભાવાર્થ–પરમાર્થ સારી રીતે સમજી, તેનું શાન્ત ચિત્તે મનન કરી, સ્વજીવન વિકાસમાં ખૂબ ઉપયોગી થાય તેમ કરવું યોગ્ય છે.

' ખરી વિદ્યા વિનય–નમ્રતા–મૃદુતા શિખવે છે, અને મદ અભિમાન–ઉદ્ધત અહંકારને ગાળે છે. વિનય ગુણથી જીવ પાત્રતા–યોગ્યતા–લાયકાત પામે છે. પાત્રતા પામવાથી ન્યાયસર લક્ષ્મીની પ્રાપ્ત થાય છે. ન્યાયસર લક્ષ્મીની પ્રાપ્તિથી તેનો યથાસ્થાને વિનિયોગ–ઉપયોગ કરવાની બુદ્ધિ જાગે અને એમ વિવેકપૂર્વક પ્રાપ્ત લક્ષ્મીનો યથાસ્થાને વિનિયોગ કરવાથી બાધક અંતરાયકર્મનો નાશ થવાથી આત્મિક સુખની સહેજે પ્રાપ્તિ થાય છે. ઉકત શ્લોકમાં બતાવેલ ક્રમ સાદો અને સીધો છે. મારી ઉમેદ છે કે વિદ્યાર્થી બંધુઓમાં મારો આ સંદેશ જ્યાં પણ પહોંચી શકે તેવા સઘળા વિદ્યાર્થીઓ દેશ, રાષ્ટ્ર અને ધર્મને સ્વાતંત્ર્ય મળે તે દિશામાં પોતાનું વિદ્યાર્થી–જહાજ કુશળતાથી હંકારશે ને સુખી થશે. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી વિભાગ વાંચન.

## સ્ત્રી કર્તવ્ય.

પ્રથમ વયમાં મુખ્ય કર્ત્તવ્ય સ્ત્રી કેળવણી લેવાનું છે, વધૂ અવસ્થામાં પતિ સેવા, અને ગુરૂભક્તિ એટલે વડીલની આજ્ઞાનું પાલન વગેરે બીજું કર્ત્તવ્ય છે. માતા અવસ્થામાં ગૃહકાર્યમાં કુશલતા, સદાચાર, પતિસહાય અને બાલરક્ષણ વગેરે ત્રીજું કર્ત્તવ્ય છે અને વૃદ્ધાવસ્થામાં પુત્ર પુત્રીઓને શિક્ષણ આપવાનું તથા ધર્મ-કાર્ય સાધવાનું ચોથું કર્ત્તવ્ય છે. આ ચાર કર્ત્તવ્યનું યથાર્થ રીતે પાલન કરનારી સ્ત્રી ખરેખરી સ્ત્રીરત્ન કહેવાય છે.

પ્રિય ભગિનીઓ ! એ ચાર પ્રકારના કર્ત્તવ્યમાં પ્રથમ વયનું કર્ત્તવ્ય સ્ત્રી કેળવણી સંપાદન કરવાનું છે. કેળવણીને પ્રાપ્ત કરનારી બ્હેન આ લોક તથા પરલોકનું હિત સાધી શકે છે. કેળવણીરૂપ કલ્પલતાને સેવનારી કાંતાઓ ધર્મ અર્થ અને કામના સુખદાયક ફલોનો સ્વાદ લઇ સદ્‌ગતિનું ભાજન બને છે.

પ્રિય બ્હેનો ! તમારા માંહેલી ઘણી બ્હેનો કેળવણીનો અર્થ વાંચન તથા લેખનનું શિક્ષણ લેવું એવો સમજે છે, પણ તેમ નથી. કેળવણીનો અર્થ કોઇપણ બાબતનું નિયમપૂર્વક જ્ઞાન એવો થાય છે. ઉત્તમ પ્રકારના પુસ્તકોના વાંચનનું હો, ધાર્મિક ક્રિયા તથા આચાર જાણવાનું હો, ચૂલા આગળ બેસી રાંધવાનું હો, ઘરની અંદર ધાન્ય, વાસણ–કૂસણ, ફરનીચર અથવા બીજી હરેક વસ્તુઓ ગોઠવી રાખવાનું કામ હો કે ઘરનો હિસાબ રાખવાનું હો; એ કામોમાં અથવા બીજા કામોમાં ડહાપણ–ચતુરાઇ તો જોઇએ જ અને એ ચતુરાઇ કેળવણી મેળવવાથી પુષ્કળ આવી શકે છે અને તે કેળવણીરૂપ કલ્પલતાની શિતળ છાયામાં રહેવાથી ગમે તેવું દુષ્કર કાર્ય હોય તે પણ ઘણી સારી રીતે કરવાને શકિતમાન્ થવાય છે.

પ્રિય બ્હેનો, તમારૂં બીજું કર્ત્તવ્ય વધૂ અવસ્થામાં કરવાનું છે. વધૂ અવસ્થામાં રહેલી બ્હેને પોતાના પતિની સેવા સાથે વડિલ જનની ભક્તિ કરવાની છે. સાસુ સસરા વગેરે પતિગૃહના સંબંધીઓને માતાપિતા સમાન ગણી તેમની મરજી સંપાદન કરવી, ગૃહકાર્યમાં તત્પર રહેવું અને સર્વનો વિનય કરવો. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરણીથી ઉત્તમ ગૃહિણી પોતાનું બીજું કર્ત્તવ્ય સારી રીતે સંપાદન કરી શકે છે. આ કર્ત્તવ્યની સાથે જ્ઞાનથી સુશોભિત થયેલી બ્હેને પોતાના ગૃહકાર્યમાંથી સમય બચાવી ઉત્તમ પ્રકારના ધાર્મિક તથા બોધક પુસ્તકો વાંચવા અને તેમાંથી બોધ લઇ પોતાના આત્માને સુશિક્ષિત બનાવવો-એ વિદુષી બ્હેનનું મુખ્ય કર્ત્તવ્ય છે.

પ્રિય બ્હેનો, આ પ્રસંગે તમારે એટલું યાદ રાખવાનું છે કે, યૌવનવય, ગૃહવૈભવ તથા રૂપ એ ત્રિપુટીના મદમાં તણાવું ન જોઇએ; કારણ કે એ ત્રિપુટી તમારા શીલરૂપ અમૂલ્ય રત્નને ખંડિત કરવામાં સાધનરૂપ થાય છે તેથી તેવે પ્રસંગે શીલરત્નનું તન, મન અને ધનથી રક્ષણ કરવું જોઇએ. પ્રિય બ્હેનો, તમારૂં પરમ આભૂષણ શીલ છે. એટલુંજ નહિં પણ શીલ એ જ જીવન અને સર્વસ્વ છે. શીલને ખંડન કરનારી કાંતાઓ પોતાના જીવનને કલંકિત કરી દુર્ગતિનું પાત્ર બને છે.

પ્રિય બ્હેનો, જો તમને શ્રૃંગારની શોભા પ્રિય હોય તો તે ભાવશ્રૃંગાર ધારણ કરજો. દ્રવ્યશ્રૃંગારની વિશેષ અપેક્ષા રાખશો નહિં. ભાવશ્રૃંગારથી તમે જેવા સુશોભિત લાગશો તેવા દ્રવ્યશ્રૃંગારથી લાગશો નહિં. ભાવશ્રૃંગારમાં શીલરૂપી રત્નાલંકારને હૃદયપર ધારણ કરજો. એ અમૂલ્ય અલંકારથી પ્રાચીન જૈન સતીઓ પોતાનું અમર નામ આ આર્યાવર્ત્ત પર રાખી ગયેલી છે.

પ્રિય બ્હેનો, ત્રીજું કર્ત્તવ્ય એક માતા તરીકે બજાવવાની ફરજ છે. માતારૂપે થયેલી બ્હેનોએ પણ પોતાના પતિની તથા વડિલ વર્ગની સવિનય-સપ્રેમ આજ્ઞાઓ ઉઠાવવી. અને પોતાના પતિને તેના માતા પિતા તરફ સદા ભક્તિભાવ રહે તેવી યોજના કરવી. બ્હેનો, જો તમો સ્વતંત્ર ગૃહિણી થવાની લાલસાથી વડીલ વર્ગની સાથે એક મન ન કરો તો તમારા પતિ તમારા પ્રેમના પ્રવાહમાં તણાઇને તેના માબાપની આજ્ઞા વિરૂદ્ધ વર્ત્તવા તૈયાર થઇ જશે. આવાં હજારો દ્રષ્ટાંતો ચોતરફ બનતાં દ્રષ્ટિગોચર થાય છે, અને અનેક વૃદ્ધ માબાપોને પુત્રોએ તેમના અનેક ઉપકારો ભૂલી જઇ ત્યજી દીધાં છે.

પવિત્ર બ્હેનો! માતા તરીકે તમારૂં એક ખરેખરૂં કર્ત્તવ્ય **બાલ રક્ષણ** છે. બાલકોનું દ્રવ્ય અને ભાવ બંનેથી રક્ષણ કરવું એ જૈન માતાની પવિત્ર ફરજ છે. બાલકના શરીરની સંભાળ રાખવી એ દ્રવ્ય રક્ષણ છે. અને તેને સારૂં શિક્ષણ આપવું, તેનામાં કોઇ જાતનો દુર્ગુણ ન આવે તેની સંભાળ રાખવી, એ ભાવરક્ષણ કહેવાય છે. પ્રિય બ્હેનો! એ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે બાલરક્ષણ કરી તમારે તમારી ફરજ અદા કરવાની છે. માતા તરીકેની જે જોખમદારી તમારાપર રહેલી છે, તે સંબંધી પણ આપણે વિચાર કરવાનો છે. લૌકિક શાસ્ત્રમાં લખે છે કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" पितुर्दशगुणं माता गौरवेणातिरिच्यते " ।

" બાલકમાં માતાનું વચન પિતાના કરતાં દશગણું વધારે છે. તમારી ભવિષ્યની સ્થિતિ સુધારવી એ આપણાં બાલકોના હાથમાં છે અને આપણા બાલકોને સુધારવા એ આપણું માતા તરીકેનું કર્ત્તવ્ય હોઇ આપણા હાથમાં છે–બાલ રક્ષણ અને બાલ શિક્ષણ એ પણ જાણવા જેવું છે. તે સંબંધમાં આગળ જણાવીશું.

પ્રિય બ્હેનો, વૃદ્ધાવસ્થામાં પુત્રપુત્રીઓને શિક્ષણ આપવાનું તથા ધર્મ કાર્ય સાધવાનું ચોથું શિક્ષણ તમારે બજાવવાનું છે. આપણે સર્વ જાણીએ છીએ કે પૂર્વનાં ઘણાં શુભ કર્મના ઉદયથી મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે. તેને માટે આપણું જૈન શાસ્ત્ર લખે છે કે, " મનુષ્યયોનિમાં જન્મ થવો, તેમાં પણ શ્રાવક કુલમાં જન્મ થવો, શરીરે નિરોગી રહેવું, જૈન ધર્મની પ્રાપ્તિ થવી અને ઉત્તમ ગુરૂ વા ઉપદેશક નો યોગ થવો–એ ઉત્તરોત્તર અધિક પુન્યના યોગથી બને છે. "

પ્રિય બ્હેનો, તો તમારો ઉત્તમ કુલમાં જન્મ થયો છે, તેમાં પણ શુદ્ધ દેવ તથા ગુરૂનો યોગ આપણને મળી શકે તેમ છે, માટે આપણે આ ઉત્તમ સમય પ્રમાદમાં ગુમાવવાનો નથી. પણ ધર્મના આરાધનથી સાર્થક કરવાનો છે. જો કે સર્વને બાલ્યવયથી માંડીને દરેક અવસ્થા ધર્મકરણી કરવાને યોગ્ય છે; તથાપિ સાંસારિક ઉપાધિમાંથી મુક્ત થવાની અવસ્થા તે વૃદ્ધાવસ્થા છે, તેથી તે અવસ્થા સર્વ રીતે ધર્મ કરણી કરવાને વધારે અનુકૂળ છે માટે તે અવસ્થાનો સદુપયોગ કરવાને વૃદ્ધ માતાઓએ તન, મન અને ધનથી પોતાનું તે કર્ત્તવ્ય અદા કરવાને સદા તત્પર થવું જોઇએ.

પ્રિય ભગિનીઓ, આ ચાર પ્રકારના કર્ત્તવ્યને સદા સ્મરણમાં રાખી તે પ્રમાણે વર્ત્તન કરનારી બ્હેનો પોતાના શ્રાવિકા જીવનને સર્વ રીતે સાર્થક કરી શકે છે. પ્રિય બ્હેનો, પૂર્વના ઇતિહાસનું સ્મરણ કરો. જૈન સતીમંડલે અનેક પ્રકારનું ચાતુર્ય, સતીત્વ અને ધર્મત્વ દર્શાવ્યા છે, તે અપ્રતિમ છે. તેમનાં નિર્મલ નામો આર્ય ઇતિહાસના પૃષ્ટોને અત્યંત શોભા આપનારાં થઇ પડ્યાં છે; એટલુંજ નહિં પણ બીજી આર્ય પ્રજાઓમાં ગાંભીર્ય સાથે દષ્ટાંત લેવા યોગ્ય થઇ પડયાં છે. જૈન બાળાઓનાં શીલ અને શૌર્ય ભરેલી હિંમતની વાત તો ઘણે ઠેકાણે લખાવાથી પ્રશસ્ત થઇ ગઇ છે. પરંતુ જોવા જઈએ તો ભારત વર્ષના સર્વ ભાગોમાં શીલવતી અને ધર્મવતી સ્ત્રીઓ–બ્હેનોએ પોતાનું સ્ત્રીપણાનું ઉચ્ચ સાર્થક દર્શાવી સર્વ આર્ય પ્રજાને ચકિત કરી દીધી છે, અને પાછલી જૈન પ્રજામાં તે શ્રાવિકાઓ ધર્મ અને સખાવતની છાપ સારી રીતે બેસારી ગઇ છે.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિખરપરથી દૃષ્ટિપાત.

**કેળવણીની સંસ્થાઓ:—**

કોઇ પણ સમાજ, કોમ, ધર્મ, પ્રજા કે રાષ્ટ્રનો ઉદ્ધાર તેની કેલવણી ઉપર આધાર રાખે છે. આજે કેટલા વરઘોડા ચઢયા કે કેટલાં જમણ થયાં એના કરતાં એણે કેલવણી માટે શું કર્યું આ પ્રશ્ન બહુ જરૂરી છે. જે રાષ્ટ્ર—દેશ કે કોમમાં પોતાની અભિષ્ટ સ્વતંત્ર કેળવણી નથી તેનો હ્રાસ ટુંક સમયમાં જ સમજી લેવો. આજે હિન્દ પરવશ બનતું જતું હોય તો તેની સ્વતંત્ર કેળવણીનો અભાવ એ જ મુખ્ય કારણ છે. આપણામાં હજી આ પ્રશ્ન બહુ જ ગૌણ સ્થાને છે. આપણામાં એક એવો પણ વર્ગ છે કે કેળવણીની સંસ્થાઓ સ્થપાય તેમાં સમાજની હાનિ સમજે છે, તેમને ઉજમણાં, વરઘોડા, ઉપધાન, સ્વામીવાત્સલ્ય કે સંઘ નીકળે તેમાં જ માત્ર જીનશાસનની પ્રભાવના લાગે છે, પણ તેઓ કુમારપાળ અને વસ્તુપાલને ભૂલી જાય છે. એમણે જૈન સાહિત્યના પ્રચાર માટે શું કર્યું ? અને જૈન સાહિત્યને અમર રાખવા કેટલા ભંડારો લખાવ્યા છે તે કેમ ભૂલી જવાય છે ? એ નથી સમજાતું ! હવે તે વખતે એવી રીતે સાહિત્ય પ્રચાર કરી કેળવણી વધારવાની પ્રણાલિકા હશે અને તે જરૂરી હતી એમ કબુલ કરી હવે અત્યારે પણ ઉજમણાં, વરઘોડા, ઉપધાન, સ્વામીવાત્સલ્ય કે સંઘ થાય છે તેની સાથે સાથે જૈનોને કેળવણી મળે તે માટે પણ પ્રયાસ કરવાની જરૂર છે. જેમ એમાં પુણ્ય હાંસલ થાય છે તેમ જૈનોના બાળકો સાચું જ્ઞાન પ્રાપ્ત કરે, સત્યમાર્ગે વળે અને પરમઆર્હતોપાસક બની રહે તેમાં પણ એટલું જ પુણ્ય છે એટલું યાદ રહે તો બસ છે. કેટલાએકનો વાંધો કેળવણી પ્રત્યે નથી અને કોઇનો વાંધો નજ હોય એમ કબુલ કરી લઇએ પણ **તેમનો વાંધો અત્યારની આ જડ કેળવણી ધાર્મિક સંસ્કારોને નાશ કરનારી કેળવણી પ્રત્યે વાંધો છે. એમનો વાંધો કબુલ કરી લઇએ પણ સાથે** એનાથી બચવાનો માર્ગ પણ શોધવો જ જોઇએ. અમુક રોગ પેંઠો એટલે માણસને જેમ મારી ન નખાય તેમ એ અનિષ્ટ કહેવાતી કેળવણીની સાથે બીજી અભિષ્ટ કેળવણી આપતી સંસ્થાને પણ શંકાની નજરે નિહાળી તેને પોષણ ન આપીએ એમ ન બનવું જોઇએ. ભૂલ હોય ત્યાં સુધારો કરાવો, સૂચનાઓ આપો, સાચે રસ્તે ચઢે તેને માટે યોગ્ય માર્ગ નિર્માણ કરો. નવો અભ્યાસ ક્રમ તૈયાર કરો, પણ કેળવણીની સંસ્થાઓનો વિરોધ તો ન જ કરો. હવે આપણે લગાર ઉંડા ઉતરીએ. એક સાધનસંપન્ન જૈન પોતાના છોકરાને નવયુગની કેળવણી આપે છે. આપણી સમાજ પાસે સાધન ન હોવાથી અન્ય સમાજની બોર્ડીંગ, છાત્રાલય, આશ્રમ કે હોસ્ટેલમાં તે રહે છે ત્યાં ભણે છે. એ સંસર્ગવશાત્ જૈન સંસ્કારોથી વિહીન બનતો જાય છે અને અન્તે બધી ધાર્મિક ક્રિયાઓમાં હમ્બગ માનતો જાય છે. અંતે એ જૈન મટી જશે. એ નહિં મટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેના છોકરાઓમાં ધાર્મિક સંસ્કાર બિલકુલ નહિં જ પ્રવેશે. યદિ તે જ વિદ્યાર્થી જૈન બોર્ડીંગ, ગુરૂકુળ. છાત્રાલય, વિદ્યાલય કે આશ્રમમાં રહી ભણ્યા હોત તો ધાર્મિક જરૂર સંસ્કાર પામત, ધાર્મિક ક્રિયાઓ ઉપર રૂચિવાળો રહેત, અમુક કરવું જોઇએ એમ પણ એને લાગત અને અમુક ક્રિયા કરત પણ ખરો. હવે વિચારો કે આપણી સંસ્થામાં રહી વિદ્યાભ્યાસ કરે અને જૈન રહે તેમાં લાભ છે કે અન્યની સંસ્થામાં રહી વિદ્યાભ્યાસ કરી એ જૈન બને તેમાં લાભ છે ? પહેલામાં જ લાભ છે એમ કહીશું તો પછી આપણી સંસ્થાઓની આવશ્યકતા છે એ પણ સહજ છે. આપણામાંથી કેટલીએક વ્યકિતઓ એવું બોલે છે કે લખે છે કે ગુરૂકુલો બોર્ડિંગો સ્થાપવામાં પાપ છે. સાધુઓ તેનો ઉપદેશ ન આપે તેમાં આરંભ સમારંભ થાય છે માટે મહાન્ પાપ લાગે વગેરે વગેરે; પણ તેઓ લગાર ઉંડા ઉતરીને જુવે એવી મારી ભલામણ છે—પ્રાર્થના છે. તમને એમ લાગતું હોય કે બોર્ડિંગો કે ગુરૂકુલોમાં હજી અમુક ભૂલો છે તેમાં હજી અમુક ઉણપો છે. તો ભૂલો સુધરાવો, ઉણપો દૂર કરો પણ ખોટી ભ્રમણામાં ન પડો. આવા ધાર્મિક સંસ્કારોમાં વિદ્યાભ્યાસ કરી તૈયાર થયેલ બાળક જરૂર ભવિષ્યમાં જૈન તો રહેજ. અનેક ઉપાધિઓની પરવશતાથી કદાચ ધાર્મિક ક્રિયા ન કરે પણ તેનું હૃદય જરૂર ડંખશે અને તેને ક્રિયા કરવા પ્રેરશે. તેનું જ્ઞાન તેના સંસ્કારો તેને પાપકર્મથી, ઉત્સૂત્ર ભાષણથી, અવિનયથી કે ઉદ્ધતાઇથી તેને બચાવશે. તેને સાચો માર્ગ જરૂર બતાવશે. અને પરમ હિતોપાસક રહેવા દબાણ કરશે. હવે આ પુણ્ય કોઇ રીતે ઉતરે તેમ છે ? બધાં કરતાં સમ્યકત્વનું દાન ચઢી જાય તેમ છે. માટે વિરોધ કરનારાઓને નમ્ર ભાવે પ્રાર્થના છે કે તમે તમારી જોખમદારી સમજો, સમાજનું હિતાહિત વિચારો અને પછી બોલો. બાકી બધાય છદ્મસ્થ છે. કાર્યકર્તાઓ પરમ જ્ઞાની નથી બન્યા. યોગ્ય સૂચનાઓ આપી તેમાં સુધારા વધારા કરાવો. આજે ગઇ કાલનો આર્ય સમાજ કેટલી કુચકદમ પ્રગતી સાધી રહ્યો છે. તેનાં કેટલાં વિદ્યાલયો, છાત્રાલયો અને ગુરૂકુલો વિદ્યમાન છે, નિયમિત હજારોની સંખ્યામાં તેની વૃદ્ધિ થાય છે પણ સાથે તેને પોષણ મળે, તેની સમાજના સંસ્કારો વધે તે પાક્કો આર્યસમાજી બને તેની અહર્નીશ ચિંતા તેના નેતાઓ કરે છે અને તેને પોતાની સંસ્થાઓમાં જ્ઞાન આપી અથવા પોતાના ઉપદેશકો દ્વારા જ્ઞાન અપાવી તેને દૃઢ સંસ્કારી બનાવવા કેટલા પ્રયાસો કરે છે તે જુવો. આપણે પણ નિયમિત પોકાર કરીએ છીએ કે નવ યુગની પ્રજા ધાર્મિક સંસ્કારોથી વિહીન બનતી જાય છે, તે અશ્રદ્ધાળુ બનતો જાય છે પણ એકલા પોકારથી શું વળવાનું હતું, એકલા પોકારો અરણ્ય રૂદન સમા વ્યર્થ જશે. આપણી ઘરની કેળવણીની સંસ્થાઓ ઠેર ઠેર સ્થાપવા ઉપદેશ આપો, તેમાં તેને સાચો જૈન બને તે માટે વાતાવરણ ઉપજાવો અને પરમ આર્હત્ ભકત બને, શ્રદ્ધાળુ જૈન બને અને લાખો રૂપિયા ખર્ચી સંઘ ઉજમણાં ઉપધાન વગેરે અનેક સુકૃત્યો કરાવે તેવો દૃઢ સંસ્કારી જૈન બનાવવા મથો.

તુલનાત્મક દૃષ્ટિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખ તથા શાંતિ.

ગતાંક પૃષ્ટ ૧૯૭ થી ચાલુ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

મનને એટલી બધી ઉંચી સ્થિતિએ લઇ જવું કે સુખ દુ:ખનું ભાનજ ન રહે એ સામાન્ય લોકોને માટે ઘણુંજ કઠિન છે. તેને માટે ઘણાજ ઉંચા પ્રકારના શિક્ષણ તથા વિચારો વિગેરેની આવશ્યકતા છે. તે સાથે પોતાનાં ચિત્તને પણ હમેશાં પ્રસન્ન રાખવું અને તેના ઉપર દુ:ખની કલુષિત છાયા ન પડવા દેવી એ પણ સહેલું કામ નથી. જે લોકો હમેશાં સંસારની જંજાળમાં ફસાઇ રહે છે તેને માટે હમેશાં પ્રસન્ન ચિત્ત અને સુખી રહેવું તે વધારે કઠિન છે. જો કે વાસ્તવિક દ્રષ્ટિએ જોઇએ તો એટલુંજ નિશ્ચિત લાગશે કે બાહ્ય પદાર્થોને સુખની સાથે કોઇ-પણ પ્રકારનો સંબંધ નથી, તોપણ કેટલીક બાબતો એવી છે કે જેનો સાધારણરૂપે ચિત્તવૃત્તિ ઉપર ઘણોજ પ્રભાવ પડે છે અને એને લઇનેજ તેને સ્થૂલદ્રષ્ટિએ સુખ દુ:ખનું કારણ ગણવામાં આવે છે. એ બાબતોનું સંક્ષિપ્ત વર્ણન આપવાની જરૂર લાગે છે. સદાચાર, પરિસ્થિતિ અને કામના એ ત્રણ બાબતો એવી છે કે જેને આપણા સુખની સામે નિકટ સંબંધ છે. સદાચારની ઉપયોગિતા અને મહત્તા વિગેરેના સંબંધમાં આ લેખમાળાના શરૂઆતના લેખોમાં થોડું ઘણું કહેવાઈ ગયું છે. સદાચારનો સૌથી મહાન ગુણ એ છે કે તે મનુષ્યને હમેશાં સુખી રાખે છે અને તેને કદિપણ દુ:ખી થવા દેતો નથી. સદાચાર ને સુખની સાથે જે ઘનિષ્ટ સંબંધ રહેલો છે તે કદિપણ વિચ્છિન્ન થઈ શકતો નથી. જે મનુષ્ય હમેશાં સત્કર્મ કરે છે અને જેનું અંત:કરણ હમેશાં શુદ્ધ રહે છે તે કદિપણ દુ:ખી થઇ શકતો નથી. એ રીતે જે મનુષ્ય હમેશાં નિ:સ્વાર્થભાવે પરોપકારમાં લાગ્યો રહે છે અને જે બીજાનું ખરાબ નથી ઇચ્છતો તે પણ સદા સુખીજ રહે છે. જે મનુષ્ય પોતાની વિવેકબુદ્ધિ ( Conscience ) ની આજ્ઞાઓ અને પોતાનાં કર્તવ્યોનું પાલન કરે છે તે પણ કદિ દુ:ખી રહેતો નથી. જેના આશય ઉચ્ચ અને ઉદાર હોય છે તથા જે સમદર્શી હોય છે તેની પાસેથી દુ:ખ દૂર ભાગે છે. એથી ઉલ્ટું જે મનુષ્ય દુરાચારી હોય છે, હમેશાં કુકર્મોમાંજ ફસાયલો રહે છે, સૌની ઇર્ષ્યા કર્યા કરે છે અને બીજાને નુકશાન કરવાના પ્રયત્નો કર્યા કરે છે, પોતાની વિવેકબુદ્ધિની હત્યા કરે છે અને કર્તવ્ય પાલનનું ધ્યાન છોડી દે છે તેમજ પોતાનાં હ્રદય તથા વિચા-રોને હમેશાં નીચ તથા સંકુચિત બનાવી રાખે છે તે હમેશાં દુ:ખીજ રહે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્નમાં પણ સુખ અથવા શાંતિ મેળવી શકતો નથી. એ રીતે જે મનુષ્યની પરિસ્થિતિ સારી હોય છે તે ઘણે ભાગે સુખી અને સંતુષ્ટ રહે છે. પરિસ્થિતિનો અર્થ આર્થિક તથા શારીરિક અવસ્થા, સારી ટેવો, મિત્રો, સંબંધીઓ, વિદ્યા તથા જ્ઞાન કરવામાં આવે છે. જે મનુષ્યની પાસે તેની જરૂરીયાત પુરતું યથેષ્ટ ધન હોય છે તે પોતાની કામનાઓનો યથેચ્છ પૂર્ણ કરી શકે છે અને પરિણામે સુખી થઇ શકે છે. કદાચ આપણી પાસે આપણી ભોગેચ્છાઓને તૃપ્ત કરવા માટે યથેષ્ટ ધન ન પણ હોય, તોપણ આપણામાં ધૈર્ય અને સંતોષ હોય છે તો પણ આપણે સુખી રહી શકીએ છીએ. એજ રીતે શારીરિક આરોગ્યતા ઉપર પણ ઘણે અંશે સુખનો આધાર રહેલો છે. આપણામાં એક કહેવત છે, કે પહેલું સુખ તે જાતે નર્યા, મનુષ્યની પાસે ખૂબ ધનસંપત્તિ હોય, બાલબચ્ચાં પણ હોય, સારા સારા અનેક મિત્રો પણ હોય, પરંતુ તે પોતે હમેશાં રોગગ્રસ્ત રહેતો હશે તો તેને સુખી થવામાં ઘણી હરકત ગણાય છે. જે સમયે શરીરમાં તીવ્ર વેદના થતી હોય છે તે સમયે તેને કોઇ પણ પદાર્થથી સુખ મળી શકતું નથી. સારી ટેવો તો સદાચારમાં જ અંતર્ગત થઇ જાય છે, એથી તે પણ આપણને સુખી બનાવવામાં કંઇક મદદરૂપ થઇ પડે છે. કોઇ પણ બુદ્ધિમાન પુરૂષ એમ કહેવા કે માનવા કદિ પણ તૈયાર નહિ હોય કે ખરાબ ટેવો રાખીને પણ કોઇ મનુષ્ય સુખી અને પ્રસન્ન ચિત્ત રહી શકે છે. સારા મિત્રોથી આપણું કેટલું કલ્યાણ થાય છે અને આપણને કેટલું સુખ મળે છે તે સત્સંગતિના મહત્વવાળા લેખમાં બતાવી દેવામાં આવ્યું છે. સારા માણસોનો સહવાસ આપણને હમેશાં સુખી દશામાં જ રાખે છે. પરંતુ જો આપણે ખરાબ લોકોની સંગત કરશું તો આપણો પોતાનો કોઇ અપરાધ હોય કે ન હોય તો પણ કેવળ ખરાબ લોકોની સંગતના અપરાધને કારણે જ આપણે કોઇને કોઇ વિપત્તિમાં ફસાઇ પડવાના અને આપણને ઘણું દુઃખ ભોગવવું પડવાનું. સુખી બનવા માટે સારા કુટુંબ પરિવારની પણ અત્યંત આવશ્યક્તા રહેલી છે. આ સ્થળે એ કહેવાની જરૂર નથી કે સારા પરિવારવાળા સઘળા લોકો સંસારમાં રહેવા છતાં સ્વર્ગનું સુખ ભોગવે છે અને દુષ્ટ પરિવારવાળા લોકો નરકની યાતનાઓ અહિંયાજ ભોગવે છે. વિદ્યા એ એક એવી વસ્તુ છે કે જે બીજી દશાઓમાં આપણને પ્રસન્ન તથા સુખી રાખે છે એટલું જ નહિ પરંતુ વિપત્તિ તેમજ કષ્ટને સમયે પણ આપણને સુખી રાખે છે. અને જ્ઞાન તો આપણને દુઃખનો અનુભવ જ થવા નથી દેતું. જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે સંસારમાં આપણે માટે ક્યાંય પણ દુઃખનું નામ નિશાન પણ ન રહેવું જોઇએ, આપણે ચારે તરફ સુખ જ સુખ જોઇએ તો આપણે સઘળાં કાર્યો છોડીને કેવળ જ્ઞાન ઉપાર્જન કરવું જોઇએ. સુખી બનવાનો એના કરતાં બીજો એક પણ ઉપાય સારો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે સુખનાં જેટલાં સાધનોનું વર્ણન કરવામાં આવ્યું છે તે સઘળા વિષે આ આખી લેખમાળા દરમ્યાન યથાસ્થાન ઘણું કહેવામાં આવ્યું છે, અહિંયા તો માત્ર તેનું દિગ્દર્શનજ કરાવ્યું છે. હવે પ્રસ્તુત વિષય સંબંધે થોડી એવી બાબતો કે જેનો ઉલ્લેખ અગાઉ કયાંય પણ નથી કરવામાં આવ્યો તે વિષે થોડું કહીને આ લેખ અને તે સાથે આ ચાલુ લેખમાળા પણ સમાપ્ત કરવામાં આવશે.

જે મનુષ્ય હમેશાં સારા સારા વિચારોજ કર્યા કરે છે અને જેનાં મનમાં કદિ પણ ખરાબ વિચારો નથી આવતા તે હમેશાં પ્રસન્ન ચિત્ત અને સુખી જ રહે છે. રસ્કિને એક સ્થળે કહ્યું છે કે "આપણે લોકો ઘણું કરીને એવી ફરીયાદ કર્યા કરીએ છીએ કે અમે સ્વતંત્ર નથી, અમારી પાસે સુખનું એક પણ સાધન નથી, અમારી પાસે ધન નથી, વિગેરે વિગેરે. પણ આપણામાં કોણ એવો છે કે જે એમ સમજે છે કે મને શાન્તિની આવશ્યકતા છે. જો તમે શાંતિ પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો તેના બે ઉપાય છે, જેમાંથી એક તો તમારા હાથમાં જ છે. અને બીજો ઉપાય એ છે કે હમેશાં મનમાં સારા વિચારો જ કરવા. દરિદ્રતાના દુઃખો વિગેરેથી બચવા માટે આપણે સુંદર વિચારોના મોટા મોટા મ્હેલ બનાવી શકીએ છીએ" વાસ્તવિક રીતે જે મનુષ્ય હમેશાં સારા સારા વિચારો કરે છે તેનો આત્મા હમેશાં ઘણો જ શાંત અને પ્રસન્ન રહે છે.

ખરાબ વિચારોથી બચવામાં અને હમેશાં પ્રસન્નચિત્ત રહેવામાં મનુષ્યને કુદરતના પ્રેમની ઘણી સહાય મળે છે. કુદરતની શોભા નિરખવાથી મનુષ્યને શાંતિ મળે છે એટલુંજ નહિ પણ તેનું જ્ઞાન પણ વધે છે. એક વિદ્વાન મહાશયનું મન્તવ્ય છે કે "આપણે કુદરત અને જીવનમાં, મનુષ્ય અને બાલકમાં, કાર્ય અને વિશ્રામમાં સર્વ સ્થિતિમાં અને સ્થાનોમાં જેટલું સૌંદર્ય વધારે જોઇએ છીએ તેટલા વધારે આપણે ઇશ્વરની નજીક જઇએ છીએ." અને એ ઇશ્વરદર્શન જ પરમ સુખ છે. પરંતુ આજકાલ લોકોનો મોટો ભાગ પોતાના કામધંધામાં એટલા બધા ફસાઇ રહે છે કે તેઓને કદિ પણ કુદરતનું સૌંદર્ય નીહાળવાનો અવકાશ જ નથી મળતો અને એથી કરીને આપણે લોકો તેનું મહત્વ પણ ભૂલી ગયા છીએ. સૂર્યોદય અને સૂર્યાસ્તનો દેખાવ, ઝાડ પાન, ફળ ફુલ, પર્વતો, નદીઓ, મેદાનો, પક્ષીઓનાં મધુર કલરવ વિગેરે એવી બાબતો છે કે જે તરફ આપણે જરા ધ્યાન દઇએ તો આપણું મન આપોઆપ તેની તરફ ખેંચાવા લાગે છે અને તેના પર થોડો વિચાર કરતાં આપણને અનંત સુખ, શાંતિ અને શિક્ષણની પ્રાપ્તિ થઇ શકે છે. દુઃખથી જર્જરિત થઇ ગયેલા મન તેમજ આત્માને સુખી અને બલિષ્ટ કરવામાં કુદરતી સૌંદર્ય અમૃતનું કામ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક લોકો દિવસ રાત સુખ અને આનંદની ચિંતામાં જ પડયા રહે છે અને યથાસાધ્ય એની પ્રાપ્તિ માટે પ્રયત્નો કર્યા કરે છે, પરંતુ એનું પરિણામ ઘણું કરીને ઉલટું જ આવે છે, તે લોકો એટલું નથી જાણતા કે જે મનુષ્ય સુખની પાછળ બહુ જ પડે છે તેનાથી સુખ ઘણું કરીને દૂર જ રહે છે. છતાં જો આપણે સુખ–પ્રાપ્તિનું ધ્યાન છોડી દઇએ તો ઘણું કરીને સુખ પોતે આપણને મળવા આવે છે. હમેશાં સુખની ચિંતામાં જ વ્યગ્ર રહેનાર મનુષ્ય કરતાં જે મનુષ્ય સુખનો કદિ વિચાર પણ નથી કરતો તે વધારે સુખી છે. જે મનુષ્ય હમેશાં સુખની ચિંતામાં જ રહે છે તે ઘણું કરીને મોહ, પ્રપંચ, લોભ વિગેરેમાં ફસાઇ જાય છે અને તેનો ઉદ્દેશ્ય કદિ પણ સિદ્ધ થતો નથી. સુખની શોધમાં ને શોધમાં તે એવે માર્ગે ચઢી જાય છે કે જ્યાં દુ:ખ સિવાય કશું નથી મળતું. બીજી વાત એ છે કે સુખ એવી સ્થિતિએ પહોંચ્યાથી નથી મળતું કે જે સ્થિતિએ મોટા મોટા ધનવાનો અને બુદ્ધિમાનો જ પહોંચી શકે છે. જે સ્થિતિએ એક સાધારણ મનુષ્ય ઘણી જ સહેલાઈથી પહોંચી શકે છે અથવા રહે છે તે સ્થિતિમાં જ સૌથી વધારે સુખ રહેલું છે. સુખનાં સાધનો તો ઘણે ભાગે સઘળા લોકોની પાસે જ હોય છે. તેનાં નવાં નવાં સાધનો શોધવાના વ્યર્થ પરિશ્રમ કરવાની જરૂર નથી, પરંતુ જે સાધન પહેલેથી પ્રાપ્ત થયા હોય તેનો લાભ ઉઠાવીને સુખી બનવું જોઈએ. અનેક લોકો પોતાને પ્રાપ્ત થયેલાં સાધનોનો પુરેપુરો ઉપયોગ કરતા નથી અને નવાં નવાં સાધનો ફોકટ શોધ્યા કરે છે. એવા મનુષ્યોને સુખને બદલે દુ:ખ જ મળે તો એમાં શું આશ્ચર્ય ? ત્યારે એજ યોગ્ય છે કે મનુષ્યે નવાં નવાં સાધનોની પ્રાપ્તિનું ધ્યાન છોડી દેવું જોઇએ અને જે સાધન તેને પહેલેથી પ્રાપ્ત થયેલ હોય તેનો લાભ ઉઠાવીને સુખી બનવું જોઈએ. જંગલમાં ઉડતા પક્ષીઓને છોડીને આકાશમાં ઉડતા પક્ષીઓની પાછળ દોડવું એ મૂર્ખતા નહિ તો બીજું શું ? આપણે હમેશાં સઘળી બાબતોથી સુખી રહેવાને તૈયાર રહેવું જોઇએ.

સુખી થવાનો સૌથી સારો એક બીજો પણ ઉપાય છે. તે એ છે કે આપણી આશાઓ, ઇચ્છાઓ વિગેરેને હમેશાં વશ રાખવી. જે મનુષ્ય ઘણી આશાઓ અને ઇચ્છાઓ રાખ્યા કરે છે તેને પ્રાયે કરીને દુ:ખી જ રહેવું પડે છે. તેની સઘળી ઇચ્છાઓ અને આશાઓ પુરી થશે નહિં એટલે પરિણામે તે હમેશાં ચિન્તાતુર, દુ:ખી અને નિરાશ જ રહેવાનો. એક વિદ્વાનના મત પ્રમાણે ઇચ્છાઓ ત્રણ પ્રકારની હોય છે. એક તો પ્રાકૃતિક અને આવશ્યક; બીજી પ્રાકૃતિક પણ અનાવશ્યક; અને ત્રીજી અપ્રાકૃતિક અને અનાવશ્યક, જે ઇચ્છાઓ પ્રાકૃતિક અને આવશ્યક હોય છે તેની પૂર્તિ કોઇપણ પ્રકારની મુશ્કેલી અથવા ખર્ચ વગર ઘણી સ્હેલાઇથી થાય છે. જે ઇચ્છાઓ અથવા આવશ્યકતાઓ કેવળ પ્રાકૃતિક હોય છે, પણ આવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્યક નથી હોતી તેની પૂર્તિને માટે પણ વધારે મુશ્કેલી નથી પડતી. કેમકે તે પ્રાકૃતિક હોય છે અને તેની પૂર્તિ કુદરત પોતે જ કરે છે. એવી આવશ્યકતાઓ ઘણી થોડી હોય છે, સહેલાઇથી પુરી પડાય છે, અને મનુષ્યને સારી રીતે સંતુષ્ટ પણ કરે છે. પરંતુ જે ઇચ્છાઓ બીલકુલ અસ્વાભાવિક અને અનાવશ્યક અથવા નિરર્થક હોય છે તેની હદ હોતી નથી તેમજ પૂર્તિ પણ થતી નથી. અને એ ઈચ્છાઓને કારણે જ મનુષ્ય હમેશાં દુ:ખી રહે છે. જે મનુષ્ય સુખી થવા ઇચ્છતો હોય તેણે આવી ઇચ્છાઓથી હમેશાં બચી રહેવું જોઈએ, એટલું જ નહિ પણ પોતાની આવશ્યકતાઓ તથા ઇચ્છાઓ બને તેટલી થોડી રાખવી જોઇએ. એક મહા પુરૂષનું કથન છે કે " જે મનુષ્યની જરૂરિઆતો જેટલી ઓછી હોય છે તે મનુષ્ય તેટલો ઇશ્વરની નજીક છે એમ સમજવું. " તોપછી ઇશ્વરની સમીપતાથી વધારે બીજું કયું સુખ છે ? તમારા મનને વશ રાખો અને તમારી જરૂરીયાતો ઘટાડો. એટલે તમે ઇશ્વરની નજીક અને એવી સ્થિતિએ પહોંચી જશો કે જ્યાં તમને પરમ સુખની પ્રાપ્તિ થશે. તથાસ્તુ ! **સમાપ્ત.**

# વર્તમાન સમાચાર.

## ગુજરાનવાલા ( પંજાબ ) જૈન ગુરૂકુળ.

પંજાબના આ જૈન ગુરૂકુળે ત્રણ વર્ષમાં સારી પ્રગતિ કરી છે. અત્યારે તે તેનું જીવન થઇ પડયું છે. જૈન યુવકોમાં કેળવણીના અંકુરો સ્ફૂરાવ્યા છે; તેનો વિકાસક્રમ ધીમી ચાલે આગળ વધતો જાય છે. ગયા માસની તા. ૮–૯–૧૦ ના રોજ આ સંસ્થાએ પોતાનો ત્રીજો વાર્ષિક મહોત્સવ ઉજવ્યો છે. તા. ૮ મીએ સભા મળી હતી, પ્રમુખશ્રી લાલા બાબુરામજી જૈન–બી. એ. એલ. એલ બીએ પંજાબનો જૈન સમાજ શિક્ષણમાં કેટલો પછાત છે તે સમજાવી અને આ જૈન ગુરૂકુળ પ્રેમ સંપાદન કેમ કરી શકયું તે જણાવી શારીરિક કેળવણીની અગત્ય જણાવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ વ્યાયામનાં પ્રયોગો કરી બતાવ્યા હતા, રાત્રિના ભકતમંડળી, કાર્યવાહકો અને વિદ્યાર્થીઓએ નગર કીર્તન કર્યું હતું. બીજા દિવસે, બંધુ વીરચંદ રાઘવજી ગાંધીનો ફોટો ખુલ્લો મુકવાની ક્રિયા કરી હતી. વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વસ્તુનું પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું, જેમાં હાથે કાંતી તૈયાર કરેલ વસ્ત્રો, બંગડીઓ, ટીંચરઆયોડીન, અમૃતધારા, ગંધકવટી વગેરે ઔષધો, તેલો, સાબુઓ વગેરે હતું. કેટલાક બંધુઓએ તે ખરીદી લઇ, કેટલાકે નવો ઓર્ડર આપ્યો. જર્મન શ્રાવિકા મીસ ક્રૌઝે–સુભદ્રાબ્હેનનું સ્વાગત કરવામાં આવ્યું, બપોરના વાર્ષિક રીપોર્ટ રજુ કરવામાં આવ્યો. શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરનો પ્રેરણાત્મક સંદેશો વંચાયો. રાત્રિના વિદ્યાર્થીઓએ વિવિધ ભાષાઓમાં વિવેચનો કર્યાં. ત્રીજે દિવસે તા. ૧૦ મીએ સુભદ્રાબ્હેનનું વ્યાખ્યાન હતું, ત્યારબાદ સૂરિજીનો સંઘ પ્રત્યેનો સંદેશો વંચાયો, જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનિક કલેશની શાંતિ થઇ. રાત્રિના વિદ્યાર્થીઓએ નાટય પ્રયોગ કરી બતાવ્યા. કાર્યવાહકોએ કેટલીક વસ્તુની આવશ્યકતા જણાવતાં લગભગ રૂા. બે હજારનું ફંડ થતાં તેનો સારો જવાબ મળ્યો, આપણો ત્રણે દિવસનો કાર્યક્રમ ઉજવાયો. આ વર્ષે રૂા. ૨૬૦૦૦) હજાર મંજુર થતાં ૬૦) વિદ્યાર્થીઓને સ્થાન આપવાનું સંસ્થાએ જાહેર કર્યું. જૈન સમાજે આ સંસ્થાની દરેક જરૂરીઆત પુરી પાડવાની જરૂર છે; અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## કેળવણીને ઉત્તેજન.

શેઠ ધરમચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડ તરફથી સને ૧૯૨૮ ની સાલમાં નીચે મુજબના વિદ્યાર્થીઓને રૂ ૧૬૨૦૦) ની લોન મંજુર થઇ છે—

૧૦૦૦) મણીલાલ માણેકલાલ શાહ. બી. કોમ.
૧૫૦૦) બાવચંદ ગાંડાલાલ દોસી. બી. કોમ.
૧૫૦૦) અંબાલાલ જેઠાલાલ શાહ. એમ. બી. બી. એસ.
૫૦૦૦) જીવાભાઇ મગનલાલ શાહ મેનચેસ્ટર વીવીંગ.
૬૦૦૦) લક્ષ્મીચંદ એ. દમાણી. ઇલેકટ્રીક એનજીનીયર લંન્ડન.
૧૦૦૦) બબાભાઇ કસ્તુરચંદ શાહ બી. કોમ એકસ્યુઅલી.
૨૦૦) અમીચંદ ચત્રભુજ શાહ. એલ. એલ. બી.

૧૬૨૦૦)

## સ્વીકાર અને સમાલોચના.

**૫ વીરરત્નો–૬ મહાત્માદઢપ્રહારી–૭ અભયકુમાર અને રાણી ચેલ્લણા—** આ ચાર બુકો તેના લેખક અને પ્રકાશક **ધીરજલાલ ટોકરશી શાહ** તરફથી ભેટ મળેલ છે. બાળ ગ્રંથાવળીના આ પુસ્તકો જૈન બાળસાહિત્યમાં ઉમેરો કરી રહેલ છે, ઓછા મૂલ્યે સરલ ભાષામાં સુંદર પ્રકાશન થઇ રહેલ છે. દરેક મા–બાપોએ પોતાના બાળકોના હાથમાં આ ગ્રંથમાળાની દરેક બુક પઠન પાઠન માટે મુકવી જોઇએ. મળવાનું ઠેકાણું પ્રકાશક ધીરજલાલ ટોકરશી શાહ ગ્રંથાવલી–કાર્યાલય–ખાનપુર અમદાવાદ. કિંમત દરેકનો સવાઆનો.

**શ્રી આત્માનંદ જૈન શિક્ષાવલી—**ત્રીજો ભાગ. પ્રકાશક **શ્રી આત્માનંદ જૈન સભા–અંબાલા.** પંજાબ હિંદીભાષાના જાણકાર બંધુએ અને ત્યાંના નિવાસી માટે હિંદી ભાષામાં તૈયાર કરેલી આ બુક શાળામાં ચલાવવા લાયક બનાવેલ હોવાથી શિક્ષણની ગરજ સારે છે. આગલા બે ભાગની જેમ આ ત્રીજો ભાગ પણ અનેક ઉપયોગી વિષયો–નિતીબોધ ઇતિહાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્યજ્ઞાન, સૂત્રો અને કાવ્ય વિભાગ એ પાંચ વિભાગથી બહુ જ સરળ ઉપયોગી અને જાણવા યોગ્ય વિવિધ વિષયથી ભરપુર છે, તેથી આ બુકનું શિક્ષાવલી એ નામ સાર્થક કર્યું છે. કિંમત આઠ આના.

---

**શ્રી જૈન સસ્તુંસાહિત્ય પ્રચારક કાર્યાલયનો પહેલો વાર્ષિક રીપોર્ટ**—સને ૧૯૨૮-૨૯ મેનેજર **ઘેલાભાઈ પ્રાણલાલ શાહ**–કલોલ સસ્તું પ્રગટ કરી પ્રચાર કરવાના હેતુથી આ કાર્યાલયનો જંન્મ થયેલ જણાય છે. કાર્યાલયની આ શરૂઆત છે, તેના મેનેજરના ભવિષ્યના અભિલાષો તેની પ્રગતિ માટે ઠીક જણાય છે. દરેક કોમ સમાજ વગેરેમાં સાહિત્ય વિકાસના આવા પ્રયત્નો આવકારદાયક છે. રીપોર્ટ વાંચતા હિસાબ ચોખવટવાળો છે. અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

---

# શ્રીમતી દીવાળી બ્હેનનો સ્વર્ગવાસ.

આ સભાના સ્વર્ગવાસી મુરબ્બી ( પેટ્રન ) શ્રીયુત વોરા હઠીસંગ ઝવેરચંદના સુપત્ની દીવાળીબાઈ થોડા વખતની બિમારી ભોગવી ફાગણ વદી ૩ ગુરૂવારના રોજ પંચત્વ પામ્યા છે. બંધુ શ્રી હઠીસંગ આ સભાના પેટ્રન હતા. સભા ઉપર તેમનો સંપૂર્ણ પ્રેમ અને લાગણી જે હતી તે તેમની હૈયાતિ પછી શ્રી દીવાળી બ્હેને છેલ્લી ઘડી સુધી સાચવી રાખેલ. શ્રી દીવાળી બ્હેને પોતાના પતિના સ્વર્ગવાસ પછી પણ અત્રેના જૈન સંઘમાં, તેમની જ્ઞાતિમાં અને વ્યવહારમાં તેમના મરહુમ પતિની કીર્તિ સાચવી રાખી હતી બલ્કે વધારો કર્યો હતો. તેઓ સ્વભાવે સરલ, મીલનસાર, ધર્મશ્રદ્ધાળુ, ઉદાર અને વ્યવહારકુશળ હતા. અત્રેના શ્રાવિકા સમુદાયમાં તેમની ખોટ પડી છે. આ સભા ઉપર તેમનો સંપૂર્ણ પ્રેમ હતો. અને શ્રી હઠીસંગભાઇના તરફથી આ સભાની ઉજવાતી વર્ષગાંઠના ફાળામાં બ્હેન દીવાળીબાઇ તેટલોજ રસ અને આનંદ તથા ગુરૂભકિતમાં લેતા હતા, જેથી આ સભા પણ તેમના સ્વર્ગવાસથી અત્યંત દિલગીર થયેલ છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી, શ્રીમતી મોતીબ્હેન તથા હેમબ્હેન તેમના પગલે ચાલી આ સભા ઉપર પ્રેમ રાખવા સાથે શેઠશ્રીની કીર્તિમાં વૃદ્ધિ કરે એમ અંત:કરણપૂર્વક ઇચ્છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુંદર ફોટાઓ ( છબીયો ).

કલકત્તાવાળા નથમલ ચાંડલીયા ફોટોગ્રાફરે હાલમાં વિવિધ રંગોથી તૈયાર કરાવેલ સુંદર ફોટા મનોહર અને આકર્ષક બહાર પાડ્યા છે, કે જે જોતાંજ ખરેખર ભક્તિરસ ઉભરાઇ ગયા સિવાય રહેતો નથી.

| નામ. | સાઈઝ. | કીંમત. | નામ. | સાઇઝ. | કીંમત. |
|---|---|---|---|---|---|
| શ્રી કેસરિયાજી મહારાજ | ૧૫×૨૦ | ૦–૮–૦ | ષટ્લેશ્યા સમજણ સહિત | ૧૫×૨૦ | ૦–૬–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળસ્વપ્ના સાર્થ | ,, | ૦–૮–૦ | શ્રી જીનદત્તસૂરિજી (દાદાસા૦) | ,, | ૦–૬–૦ |
| મધુબિંદુ દૃષ્ટાંત સમજણ સહિત | ,, | ૦–૬–૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર સમજણ સહિત. | ૧૬×૧૨ | ૦–૪–૦ |
| ૧ શ્રી મહાવીરસ્વામી | } | | પુનાવાળાના પ્રકટ થયેલ | ૧૫×૨૦ | ૦–૮–૦ |
| ૨ શ્રી ગૌતમસ્વામી મહારાજ | } | | | ,, | ૦–૧૦–૦ |

સમ્મેત શિખરતીર્થ ચિત્રાવલી રૂા ૨–૮–૦

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## જાહેર ખબર

જે શહેર યા ગામમાં શુમારે એકસો (૧૦૦) ઘરો જૈનોના હોય અને ત્યાં જૈનની જાહેર લાઇબ્રેરી-કે જ્ઞાનભંડાર ન હોય તેવા ગામમાં યા શહેરમાં લાઇબ્રેરી (પુસ્તકાલય)–ભંડારકરવા માટે એક મુનિ મહારાજ આ:સભા મારફત પોતાના સંગૃહીત, અભ્યાસ કરવા માટે એકઠા કરેલ ) જૈન હસ્તલીખીત પ્રતો–અને છાપેલ ગ્રંથો અર્પણ કરી દેવા માંગે છે, તેથી તે ગામના શ્રી સંઘે આ સભાને લખી જણાવવું, જેથી તે મુનિરાજની આજ્ઞા મુજબની શરતો લખી મોકલવામાં આવશે, તે પ્રમાણે નકી થતાં ઉક્ત મુનિમહારાજની સંમત્તિથી અર્પણ કરી દેવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## શ્રી જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોના ચાલુ સાલનાં

નીચેનાં પુસ્તકોનું વી૦ પી૦ કરવાનું શરૂ થઇ ગયેલ છે.

**અમારા માનવંતા ગ્રાહકોએ તે સ્વીકારી લેવા કૃપા કરવી.**

૧ સ્થુલીભદ્રની નૌકા.
૨ ચિત્રસેન પદ્માવતી.
૩ ચંપકશ્રેષ્ઠી કથા.
૪ શ્રી અજ્જાહરા પાર્શ્વનાથ ચરિત્ર.

લવાજમના રૂા ૩) પોસ્ટ ખર્ચના ૦–૧૦–૦ મળી રૂા ૩–૧૦–૦ નું વી૦ પી૦ દર સાલ મુજબ કરેલ છે. વી૦ પી૦ પાછું મોકલી અમને નકામો પોસ્ટખર્ચ ન થાય તે ધ્યાનમાં લેશો.

**આવતી સાલમાં પૃષ્ટ સંખ્યામાં વધારો કરવાનો છે.**

અત્યાર સુધી રૂા ૩) ના લવાજમમાં ૧૦૦૦ પાનાનાં ૩/૪ પુસ્તકો અપાયાં છે ને હવે તેજ લવાજમમાં આવતી સાલથી ૧૨૦૦ પાનાનાં પુસ્તકો ગ્રાહકોને મળશે. નવા થનાર ગ્રાહકોને રૂા ૦–૮–૦ ની ટીકીટ બીડી ગ્રાહકમાં દાખલ થવા વિનંતિ છે. કોઇ પણ જાતનાં ધર્મનાં પુસ્તકો અમ રી પાસેથી મળશે. લખો:–શ્રી જૈન સસ્તી વાંચનમાળા. રાધનપુરી બજાર–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુનો ભય.

“ પૂર્વજોમાં મૃત્યુ પછી આત્માનું ભવિષ્ય શું હોય છે એને વિષે મતભેદ હતો, પણ મૃત્યુ એ આવશ્યક અને કુદરતી રીતે મળેલો આરામ છે એને વિષે તે બધાનો એકમત હતો. તેઓ એમ માનતા હતા કે મૃત્યુથી ભયભીત થવું એ એક પ્રકારનો રોગ છે. આ જ્ઞાનીઓ વળી એમ પણ કહેતા કે મૃત્યુ જ એક એવા પ્રકારની વસ્તુ છે કે જે વર્તમાનમાં આપણને દુઃખ દેવાને સર્વથા અસમર્થ છે, કેમકે આપણે જ્યાં લગી હયાત છીએ ત્યાંલગી મૃત્યુની હયાતી હોઇ જ ન શકે. જેમ જ્વરાદિ ઉપાધિયો જીવતાં આપણને દુઃખ દઇ શકે છે તેમ મૃત્યુનો કલેશ હયાતીમાં હોઇ જ ન શકે. જ્યાં મૃત્યુ છે ત્યાં આપણે નથી. કેટલાક એમ માને છે કે જન્મ પછી મૃત્યુ આવે છે, આ ખોટી માન્યતા છે. મૃત્યુ જન્મ પહેલાં પણ હતું, એટલે મૃત્યુ અને જન્મ, જન્મ અને મૃત્યુ એ યુગલ હમેશાંને સારૂ કાયમની વસ્તુ છે. જે મીણબત્તીને આપણે ઓલવી નાખીએ છીએ તે આપણે તેને પ્રગટાવી તેના પહેલાં જેવી હતી તેવી પાછી થઇ રહે છે. એજ પ્રમાણે મરણ પામેલ મનુષ્યને વિષે સમજી લેવું. મનુષ્ય પણ જન્મ્યા પહેલાં જેવો હતો તેવો મૃત્યુ પછી થઇ રહે છે. આ સ્થિતિ દુઃખદાયક નથી, પણ સુખદાયક છે. એથી મૃત્યુ એ બધાં દુઃખોનું નિવારણ છે. એમ સમજવું ઘટે છે. કાં તો મૃત્યુથી સુખમાં વૃદ્ધિ થાય છે, અથવા તો દુઃખનો અન્ત તો આવે જ છે. મૃત્યુ ગુલામને બંધનમાંથી છોડાવે છે, જેલનો દરવાજો ખોલે છે, વેદનાઓને શાંત કરે છે, ગરીબના તરફડાટનો અંત લાવે છે; અરે, એ તો કુદરતે બક્ષેલી ઉત્તમ ભેટ છે. બધે એ મનુષ્યને સર્વથા ચિન્તામુક્ત કરે છે. અને કદાચ એને આપણે દુઃખદાયક બનાવ સમજીએ તો પણ તેનો અર્થ એટલો જ ના કે જે જનમવાટ આપણે ભોગવી લીધી તેનો અન્ત આવ્યો ? મૃત્યુને આપણે ભેટવા તૈયાર થઇએ અથવા તેનાથી ભાગીએ તે એક રીતે શાપ છે અથવા તો અપશુકન છે એમ માનવાનું કશું કારણ નથી. કેમકે પેલી મીણબત્તીની માફક આપણે તો જેવા હતા તેવા થઇ રહેવાની વાત છે, એ તો આપણને બનાવતી વખતે જ કુદરતે આપણે સારૂ જે કાયદો ઘડી મુકયો એ કાયદાને અનુસરવાની વાત થઇ. તેથી ડરવું શું ? ”

“ યુરોપીય નીતિનો ઇતિહાસ ” માંથી

For Private And Personal Use Only